સ.શિ.પ. / ફેબ્રુ ૨૦૦૪ / ૬૦૦

# સત્સંગ શિક્ષણ પરીક્ષા

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૨

[બપોરે ૨ થી ૫]    (રવિવાર, ૨૯ ફેબ્રુઆરી, ૨૦૦૪)    [કુલ ગુણ : ૧૦૦]

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ)**

**પ્ર.૧ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૬)

૧. ''તો મને પણ મારો ભાગ આપો.''
૨. ''તમારું ને અમારું ક્યાં નોખું છે.''
૩. ''પ્રયત્ન કરો સત્સંગ થશે.''

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં)** (૬)

૧. અલૈયા ખાચરને ખૂબ પશ્ચાત્તાપ થયો.
૨. શ્રીજીમહારાજ જેઠા મેરને ઘેર સામેથી પધાર્યા.
૩. મહારાજે સુરા ખાચરને 'જતિ' કહીને સંબોધ્યા.

**પ્ર.૩ નીચેના વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** (૮)

૧. વચનામૃત **અથવા** નિષ્કુળાનંદ કાવ્ય
૨. અદ્‌ભુતાનંદ સ્વામી **અથવા** બંધિયાના ડોસાભાઈ

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** (૬)

૧. 'મહાબળવંત માયા તમારી' - આ ફગવાની રચના કોણે કરી ?
૨. તીર્થોના કેટલા અને કયા કયા પ્રકારો છે ?
૩. ત્યાગી સંતોનાં પંચવર્તમાન લખો.
૪. કયા વચનામૃતમાં મહારાજે પ્રત્યક્ષ પૂજા અને માનસીપૂજાનું ફળ સરખું બતાવ્યું છે ?
૫. શ્રીજીમહારાજે કયા ગામમાં અને કોના ઘડામાં પગ બોળ્યો ?
૬. કૃપાનંદ સ્વામીના મંડળમાં કોણ ઘણું રહ્યા હતા ?

**પ્ર.૫ નીચે આપેલ 'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** (૫)

'નંદ રાજાએ આખી......'

**અથવા**

**નીચે આપેલ વચનામૃતનું નિરૂપણ લખો.**

ગઢડા પ્રથમ પ્રકરણનું ૨૨મું

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** (૫)

**ટૂંકનોંધઃ- મૂળજી અને કૃષ્ણજી**

**૧.** મૂળજી અને કૃષ્ણજી શૂરવીર ક્ષત્રિયો હતા. **૨.** તેઓએ પગે લાગીને કહ્યું : 'હે મહારાજ ! અમને ત્યાગી કરો.' **૩.** બંને જણ કેડિયાની કસુ છોડવા લાગ્યા. **૪.** તેમનો ઉત્કૃષ્ટ વૈરાગ્ય જોઈ મહારાજે કહ્યું, ''તમે પરમહંસ થઈ ગયા, માટે અમારી આજ્ઞાથી ગૃહસ્થાશ્રમ કરો.'' **૫.** મહારાજે કહ્યું : ''કૂતરાને હડકારે તેમ એમને હડકાર્યા છે તોય અમારો નિશ્ચય મટતો નથી.'' **૬.** મૂળજીને મનમાં એમ કે ભગવાન તો કેમ કહેવાય ? **૭.** તમારા જેવા સો સો આવશે ત્યાં સુધી અમે કચ્છી છીએ તે નહિ ઊઠીએ. **૮.** મૂળજીનું નામ સર્વજ્ઞાનંદ પાડી અમદાવાદના મહંત કર્યા. **૯.** તેઓએ ઘરનાં માણસોને સમજાવ્યાં એટલે ત્યાગી થવાની રજા આપી. **૧૦.** તેઓ રાત્રે ઠંડા પહોરે ઘેલાને કાંઠે બેસી પરજ રાગના કીર્તનો ગાવા માંડ્યા.

**પ્ર.૭ નીચેની કોઈપણ બે પંક્તિ પૂર્ણ કરો.** (૪)

૧. રટત દશશતવદન ................................ કૈવલ્યધામી.
૨. અંગોઅંગ પુષ્પનાં .............................. કષ્ટ હરતા.
૩. વહાલા તારી જમણી ભુજાને ........................ ધ્યાન ધરે રે લોલ.

**પ્ર.૮ નીચેનામાંથી કોઈપણ બે ની પૂર્તિ કરો.** (૪)

૧. ब्रह्मभूतः ... ... ... लभते पराम् ॥
૨. श्वासेन ... ... ... शरणं प्रपद्ये ॥
૩. જનમંગલ નામાવલિમાંથી ખૂટતાં નામ પૂર્ણ કરો.
   तीर्थकृते नमः । ... ... ... तपःप्रियाय नमः ।

**(વિભાગ - ૨ : ગુણાતીતાનંદ સ્વામી)**

**પ્ર.૯ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કોઈપણ બે)** (૬)

૧. ''જેનાં ચરણકમળમાં કોટિ કાશી છે એવા પુરુષોત્તમનારાયણ અહીં પધારશે.''

૨. ''અહો સાધુરામ ! રોજ આટલી ભૂખ વેઠો છો ?''

૩. ''અવળી ગંગા ન હોય.''

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (દસેક લીટીમાં)** (૬)

૧. શ્રીજીમહારાજે મૂળજી ભક્તને પાછા બોલાવવા ભગુજીને મોકલ્યા.

૨. આચાર્ય મહારાજનો આગ્રહ છતાં સ્વામી પત્તરમાં જમ્યા.

૩. પાર્ષદો ઘાસ લઈને આવ્યા પછી જ વરસાદ પડ્યો.

**પ્ર.૧૧ નીચેના કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** (૮)

૧. વૃત્તિનો નિરોધ

૨. સોરઠનો સત્સંગ

૩. ભક્તવત્સલ

**પ્ર.૧૨ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** (૫)

૧. કારિયાણીમાં માંદા સંતોની સેવા કરીને આવેલા સ્વામીને શ્રીજીમહારાજ કેટલી વાર ભેટ્યા ?

૨. સ્વામીની સેવાથી રાજી થયેલા દેવાનંદ સ્વામી શું કરવા તૈયાર થયા ?

૩. સ્વામીએ વેદાંતીઓનો પરાજય કયા ગામમાં કર્યો ?

૪. જૂનાગઢ મંદિરની પ્રતિષ્ઠા બાદ સભામાં શ્રીજીમહારાજે સંત-હરિભક્તોને શી આજ્ઞા કરી ?

૫. વંથળીમાં દેવજીભાઈએ પૂછ્યું, 'સ્વામી, અક્ષર કેવું હશે ?' એના જવાબમાં સ્વામીએ શું કહ્યું ?

**પ્ર.૧૩ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** (૪)

૧. ક્ષમાશીલ

૨. અસીમ શ્રદ્ધા

૩. મહારાજ જામીન થયા.

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૬)

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગુણાતીતાનંદ સ્વામી અને શાંતાનંદ ગોદડિયા મહારાજ માટે શું શું વસ્તુઓ લઈને નીકળ્યા ?

(અ) સતીગીતા　(બ) અથાણાંની બરણીઓ

(ક) બરફીની માટલી　(ડ) સોનેરી શણગાર

૨. ખારા જીવને મીઠા કર્યા.

(અ) તખો પગી　(બ) મેંગણીના માનસિંહ

(ક) મુંજો સૂરુ　(ડ) વાલેરા વરુ

૩. ગુણાતીતાનંદ સ્વામી સંતોને કયા હરિભક્તોનો સમાગમ કરવાનું કહેતા ?

(અ) હામાપરના કરસન બાંભણિયો　(બ) વંથળીના કલ્યાણભાઈ

(ક) ચાડિયાના રામ ભંડેરી　(ડ) બગસરાના વેલો સથવારો

**(વિભાગ - ૩ : 'સત્સંગ પરિચય' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)**

**પ્ર.૧૫ નીચેના વિષયો ઉપર વીસ લીટીમાં વિવરણ લખો.** (૨૧)

૧. અક્ષરધામની કૂંચી પ્રાગજીને આપી છે. **અથવા** ૧. સત્સંગમાંથી વિમુખ

૨. મોટાં રામબાઈ **અથવા** ૨. સુંદરજી સુથાર

૩. અણછાજતા સ્વભાવ મૂકવા **અથવા** ૩. સ્વામિનારાયણિયા

❋ ❋ ❋